ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૨-૭-૨૦૨૧, ગુરૂવાર



# મિશન વિધાનસભા : બાયડ શહેર ભાજપ સંગઠનનું માળખું જાહેર

## યુવા મોરચો પ્રમુખ જીજ્ઞેશ પટેલ, મહામંત્રી જલદીપ પટેલની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાવવાના ઉદ્દેશ્ય સાથે ભાજપ સંગઠન હોદ્દેદારોની દરેક મંડલમાં નિયુક્તિ થઈ રહી છે. બાયડ શહેર ભાજપ સંગઠનનું માળખું ગત રોજ જાહેર થયું છે. બાયડ વિધાનસભા બેઠકમાં ભાજપનો ભગવો લહેરાય અને બાયડ શહેરમાં ભાજપનો જનાધાર વધે તે માટે દરેક સમાજ અને વિસ્તારોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હોવાનું શહેર સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, દિપકભાઈ પટેલે જણાવ્યું છે.

દાયકાઓથી બાયડ રાજકીય પ્રયોગશાળા ગણાય છે. બાયડની રાજનીતિમાં અનેક ગોથાં ખાઈ ગયા છે અને તેના કારણે જ અગાઉના વર્ષોમાં બાયડ તાલુકા પંચાયત, બાયડ નગરપાલિકામાં બળવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. વર્ષના આરંભે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોએ બાયડ તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ભાજપને સ્પષ્ટ બહુમતી આપી છે. જેથી ભાજપના પદાધિકારીઓએ ટનાટન વિકાસ કરીને દેખાડવો પડશે અન્યથા વર્ષ-૨૦૨૨ માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં તેની અસરો પડી શકે છે તે પૂર્વે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલના અનુમોદનથી બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ દ્વારા વિવિધ હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જ્યારે બાયડ શહેર ભાજપ સંગઠન યુવા મોરચાના પ્રમુખ તરીકે બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાય તે માટે યુવા બ્રિગેડને ભાજપ તરફી કરવામાં સિંહ ફાળો રહ્યો હતો તેવા યુવાનોને પ્રમુખ અને મહામંત્રી તરીકે નિયુક્ત કરી સારી કામગીરીની કદર કરવામાં આવી છે. બાયડગામ ગણેશ યુવક મંડળના પ્રમુખ જીજ્ઞેશ શંકરભાઈ પટેલની બાયડ શહેર ભાજપ યુવા સંગઠન પ્રમુખ તરીકે અને ઓ.બી.સી. મતદારો ઉપર પ્રભુત્વ ધરાવતા જલદીપ રમેશભાઈ પટેલની મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે.





**બાયડ શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો..**

- પ્રમુખ : ઘનશ્યામભાઈ જી. પટેલ
- ઉપપ્રમુખ : ભલુભાઈ પી. પટેલ
- ઉપપ્રમુખ : ગોરધનભાઈ બી. પટેલ
- ઉપપ્રમુખ : ઉમેશભાઈ એન. જયસ્વાલ
- ઉપપ્રમુખ : મહેશભાઈ એચ. ઉપાધ્યાય
- ઉપપ્રમુખ : કૈલાસબેન રાજુભાઈ પરમાર
- ઉપપ્રમુખ : સંગીતાબેન પી. ભટ્ટ
- મહામંત્રી : બિપીનભાઈ એન. પ્રજાપતિ
- મહામંત્રી : દિપકભાઈ સી. પટેલ
- મંત્રી : હેમંત(કકો) જે. પટેલ
- મંત્રી : ચંદ્રકાન્ત ડી. બ્રહ્મભટ્ટ
- મંત્રી : ગૌતમ પોપટભાઈ પંચાલ
- મંત્રી : ભૂમિકાબેન વી. સોલંકી
- મંત્રી : નયનાબેન એન. વસાવા
- મંત્રી : જીજ્ઞાશાબેન આર. રાઠોડ
- કોષાધ્યક્ષ : હર્ષદભાઈ એન. શાહ

# મોડાસા એસ.ટી. ડેપોમાં બાળકો પાસે ભીખ મંગાવવાની પ્રવૃત્તિ

## દારૂના વ્યસન માટે બાળકોના શોષણના દ્રશ્યો, જવાબદાર તંત્રની આંખે પાટા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

મોડાસા એસ.ટી. ડેપોમાં કુમળી વયના બાળકો પાસે ભીખ મંગાવવાની પ્રવૃત્તિએ માઝા મૂકી છે. દારૂ પીવાનો વ્યસની બાપ નશામય હાલતમાં બાળકોને લઈ એસ.ટી. ડેપોમાં ધામા નાખી ભીખ મંગાવી શોષણ કરતો હોવાના રોજના દ્રશ્યો છતાં જવાબદાર તંત્રએ આંખે પાટા બાંધ્યા હોય તેવી સ્થિતિ છે. ભીખ માટે બાળકો મુસાફરોના પગ પકડી લેતાં હોવાથી પુરૂષો તેમજ મહિલાઓ ક્ષોભજનક સ્થિતિમાં મૂકાતા હોય છે.

જિલ્લામાં બાળ સુરક્ષા અધિકાર કાયદા નખ વગરના વાઘ જેવા બની રહ્યા છે. બાળમજૂરીમાં બાળકોનું શોષણ થઈ રહ્યું છે. ભણવાની ઉંમરે બાળકો મને કમને મજૂરી તેમજ ભીખ માંગવા માટે મજબૂર બન્યાં છે ત્યારે મોડાસાના હંગામી એસ.ટી. બસ ડેપોમાં ઘણા સમયથી બાળકો પાસે ભીખ મંગાવવાની પ્રવૃત્તિએ બાળ અધિકાર કાયદાના ધજાગરા ઉડાવ્યા છે. સવાર પડે દારૂ પીધેલી હાલતમાં એક બાપ તેનાં બે બાળકો સાથે ડેપોમાં ધામા નાખે છે અને કુમળી વયનાં બાળકો પાસે ભીખ મંગાવ્યા પછી સાંજ પડે દારૂના નશામાં ગળાડૂબ થઈ જતો હોય છે. સવારના સમયે મુસાફરોની ભરચક હાજરી રહેતી હોય છે તે સમયે બાળકો સાથે આવીને ભીખ મંગાવવાનો હીન પ્રવૃત્તિ શરૂ કરી દેવામાં આવે છે જેમાં બાળકોને મારઝૂડ કરી ક્યારેક મુસાફરોની પાછળ ભીખ માટે દોડાવાતા હોવાના દ્રશ્યો કાયમી બન્યાં છે. કાયમી નોકરીયાત વર્ગ તેમજ અન્ય મુસાફરો આ પ્રવૃત્તિથી હવે તંગ આવી ગયા છે. બાળકો સાથે તેનો બાપ પીધેલી હાલતમાં ફરતો હોવાના કારણે ક્યારેક કોઈ મુસાફર આ બાબતે ટોકે તો બિભત્સ ગાળોનો વરસાદ વરસાવવામાં આવતો હોય છે. એસ.ટી. ડેપોના જવાબદાર અધિકારીઓ રોજનાં આ દ્રશ્યો જોતાં હોવા છતાં બાળકો પાસે ભીખ મંગાવવાની પ્રવૃત્તિ ઉપર રોક લગાવવામાં નિષ્ફળ રહ્યા છે. જ્યારે બાળ અધિકારની વાતો કરનારા અધિકારીઓ પણ એસ.ટી. ડેપોમાં ખુલ્લેઆમ બાળકો પાસે ભીક્ષાવૃત્તિની કરાવાતી પ્રવૃત્તિથી અજાણ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.





# વધુ ભાડુ ચૂકવવા તૈયારી રાખજો : ઉત્તર ગુજરાતમાં ડીઝલના ભાવ આસમાને પહોંચતાં લક્ઝરી બસની મુસાફરી મોંઘી થશે

## ટ્રાન્સપોર્ટરોની જેમ લક્ઝરી બસના સંચાલકો ભાડુ વધારવાના મુડમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

ઉત્તર ગુજરાતમાં કોરોનાની મહામારીએ ધીમા પગલે વિદાય લીધી છે ત્યારે ડીઝલના વધતા ભાવથી આમપ્રજાના ખિસ્સા ઉપર આર્થિક બોજ વધ્યો છે. આગામી સમયમાં ખાનગી લક્ઝરી બસમાં હવે મુસાફરી કરવી મોંઘી પડી શકે છે કેમ કે ટ્રાન્સપોર્ટરોની જેમ લક્ઝરી બસના સંચાલકોએ પણ આસમાને પહોંચેલા ડીઝલના ભાવ વધારાથી ભાડાં વધારવાની તૈયારી કરી છે. સંભવિત રીતે એક સપ્તાહથી નવા લક્ઝરી બસ ભાડાંમાં વધારો થવાની વકી છે.

કોરોનાનું સંક્રમણ ઘટતાં એસ.ટી. બસ મથકોમાં મુસાફરોની અવર જવરમાં વધારો થયો છે. એસ.ટી. બસ સાથે હવે ખાનગી લક્ઝરી બસમાં મુસાફરી કરનાર પ્રવાસીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ઉત્તર ગુજરાતમાંથી અંદાજીત ૩૦૦ લક્ઝરી બસ સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, ઉત્તરભારત, કચ્છ સહિતના પ્રમુખ શહેરોમાં રોજીંદા રૂટ ઉપર દોડતી તો થઈ પરંતુ હવે મુસાફરોએ વધુ ભાડુ ચૂકવવાની તૈયારી રાખવી પડશે. ડેઈલી લક્ઝરી બસ સર્વિસનાં ભાડાંમાં નોન એસી અને એસીના ભાડામાં રૂા.૧૦૦નો વધારો થવાની સંભાવના છે. કોરોનાની મહામારીમાં લક્ઝરી બસના સંચાલકો કફોડી સ્થિતિમાં મૂકાઈ ગયા હતા. પ્રવાસ ઉપરાંત કાયમી રૂટની સર્વિસ બંધ થતાં લક્ઝરી બસના હપ્તા તેમજ ડ્રાઈવર-કંડક્ટરોના પગારના પણ સંચાલકોને ફાંફાં થયાં હતાં પરંતુ હવે અનલૉકના તબક્કાવારના અમલ પછી પ્રવાસ તેમજ ડેઈલી રૂટની લક્ઝરી સેવા શરૂ થઈ છે પરંતુ ડીઝલના વધતા ભાવથી લક્ઝરી બસના સંચાલકો ન છૂટકે કાયમી રૂટ ઉપર ભાડાં વધારવા માટે મજબૂર બન્યા છે. ઈંધણના ભાવ વધારાથી આમ આદમીનું જીવન વધુ કષ્ટમય બનેલું છે ત્યાં હવે લક્ઝરી બસમાં મુસાફરી દરમ્યાન ખિસ્સા ઉપર વધુ આર્થિક ભાર આવશે તે નક્કી છે.



# પ્રદેશ ભાજપ પ્રમુખનું એક વર્ષ : બાયડમાં ભાજપના કાર્યકરોએ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજ્યા

બાયડ (બ્યુરોઓફિસ) તા.૨૧

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે સી.આર.પાટીલનું યશસ્વી ૧ વર્ષ પૂર્ણ થતાં બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, યુવા મોરચા પ્રમુખ જીજ્ઞેશ એસ. પટેલ અને તેમની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ સાથે તેના જતન માટે પણ સંકલ્પ લેવામાં આવ્યા.

પ્રદેશ પ્રમુખ તરીકે પેટાચૂંટણીમાં તમામ બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાવવો તેમજ સ્માર્ટ વર્કથી તમામ કાર્યકરોમાં ચેતનાનો સંચાર કરવો..જેવી કુનેહ ધરાવતા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના નેતૃત્વમાં વર્ષના આરંભે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં પણ ભાજપે અકલ્પનિય વિજય મેળવી ભગવો લહેરાવ્યો હતો. પ્રદેશ પ્રમુખની કામગીરીને ૧ વર્ષ પૂર્ણ થતાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા તમામ ૮ મંડલોમાં વિવિધ કાર્યક્રમોનાં આયોજન થયાં હતાં. બાયડ નગરપાલિકાના ૬ વોર્ડ સહિત અન્ય વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયા જેમાં શહેર સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, ઉપપ્રમુખ ભલુભાઈ પી. પટેલ, સંગઠન મંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, દિપકભાઈ પટેલ, બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, યુવા મોરચા પ્રમુખ જીજ્ઞેશ પટેલ, મહામંત્રી જલદીપ પટેલ, ભાજપના અગ્રણી દિનુભાઈ એસ. પટેલ સહિત અનેક અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.





# પોલીસનો પ્રેરણાદાયી પ્રયોગ : સાબરકાંઠા પોલીસે વીજળી માટે લીધો સૌર ઉર્જાનો સહારો

## ૧૯ પોલીસ સ્ટેશન, તાલીમ કેન્દ્રમાં સોલાર પેનલથી વીજળી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા પોલીસે પ્રેરણાદાયી પ્રયોગ અજમાવ્યો છે. ૧૯ પોલીસ સ્ટેશન, તાલીમ કેન્દ્રમાં સોલાર પેનલ ગોઠવી વીજળીનો વપરાશ શરૂ કરતાં રાજ્યના અન્ય પોલીસ સ્ટેશનોને પ્રેરણા મળી શકે છે. વીજળી માટે પોલીસે સૌર ઉર્જાનો સહારો લેતાં વીજળીના તોતિંગ બીલથી રાહત થવાની સંભાવના છે. હાલ તો સાબરકાંઠા પોલીસે પ્રાયોગિક ધોરણે સૌર ઉર્જાનો પ્રયોગ અજમાયશી ધોરણે શરૂ કર્યો છે જો તેમાં સફળતા મળી તો અન્ય પોલીસ સ્ટેશનોમાં પણ સૌરઉર્જાથી વીજળીનો વપરાશ થઈ શકે છે.

રાજ્ય સરકાર દ્વારા સૌરઉર્જાને વધુ પ્રોત્સાહન આપવા માટે પ્રયાસ થઈ રહ્યા છે. સરકારી વિભાગોમાં વીજળીના તોતિંગ બીલથી રાહત મળે અને પર્યાવરણને ફાયદો થાય તેવા આશયે સોલાર પેનલ ગોઠવી વીજળીનો ઉપયોગની પહેલ થઈ છે. સાબરકાંઠા પોલીસે પણ તેમાંથી પ્રેરણા લીધી હોય તેમ પોલીસ સ્ટેશન તેમજ તાલીમી કેન્દ્રમાં દૈનિક વીજળી વપરાશના બીલમાંથી મુક્તિમળે તેવા આશયે સોલાર પેનલો ગોઠવી છે. પોલીસ તંત્ર દ્વારા સૌરઉર્જાનો સહારો લઈ અન્ય પોલીસ મથકો માટે પ્રેરણાદાયી પ્રયોગ અપનાવતાં પોલીસ તંત્રની હાલ તો પ્રસંશા થઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા સૌરઉર્જાને વધુ વેગ આપવાના જે પ્રયાસો થઈ રહ્યા છે તેમાં ખાખી વર્દીએ જિલ્લામાં સૌ પ્રથમ પહેલ કરી છે.

# ધનસુરા ખાતે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થતાં વૃક્ષારોપણ કરાયું

ધનસુરા, તા. ૨૧

ધનસુરા ખાતે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થતાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં ધનસુરા તાલુકા પંચાયત ખાતે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના કાર્યકાળનું ૧ વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થયુ તે નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં. અરવલ્લી ભાજપ મહિલા મોરચા ના પ્રમુખ નેહાબેન પટેલ,અરવલ્લી ભાજપ મહિલા મોરચા ના મહામંત્રી પ્રીતિબેન ઠેકડી, તાલુકા પંચાયતના સદસ્ય પુષ્પાબેન ઠાકોર, મહિલા મોરચાના ઈન્દિરાબેન ખાંટ સહિત ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષારોપણ કર્યું હતું.



# બાયડ શહેર ભાજપ સંગઠન ઉપપ્રમુખ તરીકે ભલુભાઈ પટેલની નિયુક્તિ

## કાર્યકરોમાં દેખાઈ ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

બાયડ શહેર ભાજપ સંગઠનના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે જેમાં સંગઠનના માહેર અને બાયડ નગરપાલિકામાં ઉપપ્રમુખ તરીકે અગાઉ સારી કામગીરી કરનાર ભલુભાઈ પ્રેમજીભાઈ પટેલની બાયડ શહેર ભાજપ સંગઠન ઉપપ્રમુખ તરીકે વરણી થતાં કાર્યકરોમાં ખુશાલી દેખાઈ છે.

આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખી બાયડ શહેર સંગઠનમાં બાકી રહેલા હોદ્દા ઉપર કાર્યકરોને તેમની કામગીરીને આધારે પસંદગી કરવામાં આવી છે. ગત રોજ જાહેર થયેલી સંગઠનની ટીમમાં ભલુભાઈ પટેલને ઉપપ્રમુખ પદે નિયુક્ત કરાતાં બાયડ શહેર ભાજપના કાર્યકરોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા છે. ઉપપ્રમુખ તરીકે નિયુક્ત થયેલા ભલુભાઈ પટેલે શહેરમાં ભાજપનું સંગઠન વધુ મજબૂત થાય. સરકારની લોકકલ્યાણની યોજનાઓનો પ્રજાને મહત્તમ લાભ મળે તે માટે પૂરતા પ્રયાસ કરીશું તેમ જણાવ્યું હતું. ઉપપ્રમુખ તરીકે નિયુક્ત થતાં શહેર સંગઠનની ટીમ ઉપરાંત બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી સહિત બાયડ પાલિકાના ભાજપના કોર્પોરેટરોએ અભિનંદન પાઠવ્યા હતા.



# ટોળાએ કાયદો હાથમાં લીધો : મેવડામાં યુવકનું મુંડન કરતો વિડીયો વાયરલ કરાતાં ચકચાર

## સગીરા પર દુષ્કર્મની આશંકા સાથે ફટકાર્યો, વાયરલ વિડીયોથી પોલીસ દોડતી થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

માલપુર તાલુકાના મેવડામાં ટોળાએ કાયદો હાથમાં લઈ સગીરા સાથે દુષ્કર્મની આશંકા રાખી યુવકનું મુંડન કરતો વિડીયો વાયરલ કરવામાં આવતાં સમગ્ર પંથકમાં સનસનાટી મચી છે. ગંભીર ઘટનાના જિલ્લામાં ઘેરાપ્રત્યાઘાત પડે તે અગાઉ સ્થાનિક પોલીસ દોડતી થઈ હતી અને ગેરસમજમાં યુવકને ફટકારી વિડીયો વાયરલ કર્યા અંગેના નિવેદનો લઈ કામગીરી આટોપી લીધી છે. જો યુવક ગુનેગાર ન હતો તો પછી ટોળાએ કાયદો હાથમાં લઈ માથે મુંડન કરવાની પેરવી તેમજ ફટકારવાની ઘટનામાં પોલીસે ટોળામાં સંડોવાયેલા ઈસમો વિરૂદ્ધ કેમ કોઈ ગુનો નોંધ્યો નથી તેવા સવાલો શરૂ થયા છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી છે. પ્રજાને પોલીસ ઉપર ભરોસો રહ્યો નથી જેથી કાયદો હાથમાં લઈ સોશ્યલ મીડીયામાં પોલીસની ફીરકી ઉતારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગત રોજ તાલુકાના મેવડા ગામે ટોળાએ ગેરસમજમાં પરોસડા ગામના દિનેશ ખાંટને સગીરા સાથે ઘેરી લઈ ફટકાર્યો હતો જેમાં દુષ્કર્મની આશંકા સાથે કેટલાક ઈસમોએ યુવકના માથે મુંડન કરતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ કરતાં માલપુર પોલીસ હરકતમાં આવી હતી. પોલીસ દ્વારા ઘટનાની તપાસ કરવામાં આવતાં દિનેશ ખાંટ તેના કુટુંબીની એક સગીરા સાથે પસાર થતો હતો જેમાં કેટલાક લોકોના મનમાં અનેક આશંકાઓ જન્મી હતી જેમાં સગીરાને ડુંગર તરફ લઈ જઈ યુવક દુષ્કર્મની પેરવી કરતો હોવાનું જણાતાં જોત જોતામાં ટોળું એકત્ર થઈ ગયું હતું અને યુવકને ઘેરો ઘાલી ફટકાર્યા પછી માથે મુંડન કરતો વિડીયો ઉતારવામાં આવ્યો હતો. પોલીસ ઉપર આ ઘટનાને લઈ પસ્તાળ શરૂ થતાં પોલીસ તંત્ર દ્વારા બીટ જમાદાર કલ્પેશભાઈને ટીમ સાથે મેવડા ગામે દોડાવવામાં આવ્યા હતા જેમાં પોલીસે અપેક્ષા મુજબ કુલળીમાં ગોળ ભાગ્યો છે. પોલીસે લીધેલા નિવેદનમાં સગીરા અને યુવકને ફટકારનાર ટોળાં પૈકીના કેટલાક ઈસમો સગા થાય છે જેથી મામલો અંદરો અંદર નિપટાવી સમાધાન કરવામાં આવ્યું હોવાનું ગાણું પોલીસે શરૂ કર્યું છે.